પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૮/૧૧/૨૦૨૧ થી તા.૧૪/૧૧/૨૦૨૧** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :-**

(૧) કીર્તિમંદિર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૬૨૧૦૯૩૫/૨૦૨૧ IPC ક. ૩૮૦ મુજબ ફરીયાદી બહેનએ પોતાના બ્યુટી પાર્લરમાં પોતાના પર્સમાં રાખેલ સોનાનાં દાગીનાનાં પાઉચમાં ઝીપ પાઉચમાં રાખેલ (૧) સોનાના બ્રેસલેટ-૨ વજન આશરે ૪ તોલા, કિંમત રૂ.૧,૬૦,૦૦૦/- તથા (૨) સોનાની વીંટી નંગ -૧ વજન આશરે ૧ તોલા, કિંમત રૂ.૪૦,૦૦૦/- ની મળી કુલ કિ.રૂ.૨,૦૦,૦૦૦/- ના સોનાનાં દાગીના કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ જઇ ગુન્હો નોંધાવેલ. જે અંગે કીર્તિમંદિર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.જી.તિવારી તથા ડી-સ્ટાફ પો.સબ.ઇન્સ. શ્રી એમ.એલ.પરમાર તથા સ્ટાફના માણસો ગુન્હાના કામે ચોરીમાં ગયેલ મુદામાલ તથા આરોપીની વોચ તપાસમાં હતા. દરમ્યાન તા.૦૮/૧૧/૨૦૨૧ ના રોજ પો.સ્ટે.વિસ્તાર પેટ્રોલીંગમાં રહેલ ડી સ્ટાફના પો.હેડ કોન્સ. ભાવીનભાઇ પી .કારેણા અને લોક રક્ષક ભરતભાઇ નાથાભાઇ શીંગરખીયાને ખાનગી રાહે બાતમી મળેલ કે, એક ઇસમ સોનીબજારમાં શકમંદ સ્થિતિમાં ફરી રહેલ છે. બાતમી આધારે તેઓએ સોની બજાર વિસ્તારમાં જઇ તપાસ કરતાં બાતમી મુજબના વર્ણન વાળો ઇસમ નં.(૧) સાવન વિનોદભાઇ ગોહેલ, જાતે ખારવા, ઉ.વ.૧૯, રહે. વ્હોરા વાડ, પાણીની ટાંકી પાસે, પોરબંદર વાળો મળી આવેલ હતો. મજકુરને ચેક કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી પ્લાસ્ટીકની એક કોથળીમાં પેક કરેલ સોના જેવી ધાતુના બે બ્રેસલેટ તથા એક લેડીઝ વીંટી મળી આવેલ હતા. મજકુરે તેની પાસે મળી આવેલ આ દાગીના બાબતે કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી. જેથી તેને પોલીસ સ્ટેશને લઇ યુક્તિ પ્રયુક્તિપુર્વક તેની પુછપરછ કરતાં તેણે આ દાગીના પોતાના મિત્ર (૨) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અકરમ ઉર્ફે અક્ષત ઉર્ફે પોપટ ઈરફાનભાઈ પોંડા ઉ.વ.૧૬ (૦૨/૦૮/૨૦૦૫ (૧૬ વર્ષ ૦૩ માસ ૦૬ દિવસ) ધંધો-અભ્યાસ રહે.ગોપનાથ પ્લોટ, ચિરાગ બંગલાની સામે, જીવીબેન શિયાળની બાજુમાં પોરબંદર વાળો પોતાના ઘરમાંથી ચોરી કરી આપેલ હોવાનું અને પોતે આ દાગીના સોની બજારમાં વેચવા માટે નીકળેલ હોવાનું જણાવેલ. જેથી મજકુર ઈસમનો કોવિડ -૧૯ નો રીપોર્ટ કરાવી રીપોર્ટ નેગેટીવ આવતા ઉપરોક્ત ગુનાના કામે નં (૧) ને ધોરણસર અટક કરી ઉપરોક્ત ગુનાના કામે લઈ ગયેલ ૧૦૦% મુદામાલ- સોનાના અસલ દાગીનાની રીકવરી કરવામાં આવેલ છે. આમ ચોર–મુદામાલ પકડી સદર ચોરીનો અનડિટેકટ ગુન્હો ડિટેકટ કરવામાં સફળતા મેળવી મજકુર આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી નામદાર કોર્ટ હવાલે કરવામાં આવેલ છે.

(૨) કીર્તિમંદિર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૬૨૧૦૯૩૬/૨૦૨૧ IPC ક.૪૦૬,૪૨૦,૪૬૮ મુજબના કામના આરોપીએ ફરિયાદીને નેવીમાં નોકરી અપાવવાનો વિશ્વાસ આપી ફરિયાદી પાસેથી તેના ડોક્યુમેન્ટ લીવીંગસર્ટી, આધારકાર્ડ, ધોરણ-૧૦-૧૨ની માર્કસીટ, સી.સી.સી.નું રીઝલ્ટ તથા આઇ.ટી.આઇ.ની માર્કસીટની નકલો તથા ફિ પેટેના કુલ રૂ.૧૧,૫૦૦/- લઇ જઇ તેમજ ઠગાઇ કરવાના હેતુથી આરોપીએ નો-ઓબ્જેક્શનસર્ટી ખોટુ બનાવી તે સર્ટીમાં ફરિયાદીની સહી લઇ જઇ ફરિયાદીને નોકરી નહી અપાવી ફરિયાદી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી ગુન્હો નોંધાયેલ. જે અંગે પો.સબ.ઇન્સ.શ્રી બી.એસ.ઝાલા, પો.હેડ કોન્સ. જી.આર.ભરડા, લોકરક્ષક પુષ્પરાજસિહ દેવેન્દ્રસિંહ નાઓએ તપાસ કરી આ ગુન્હાના આરોપી નં. (૧) પ્રકાશ ઉકાભાઇ ડોડીયા ઉ.વ.-૫૦ જાતે-અનુ.જાતી ધધો-મજુરી રહે વિરડી પ્લોટ, પોરબંદર (૨) રમેશ જીવનભાઇ ભુવા ઉ.વ.-૩૨ જાતે-અબોટી બ્રાહ્મણ ધધો-પ્રન્ટીગ પ્રેસ રહે.નરસંગ ટેકરી, મીરાનગર-૧, SBIની બાજુમાં પોરબંદર વાળાને સદર ગુનાના કામે આરોપી નં.(૧)ને તા.૦૯/૧૧/૨૦૨૧ ના ક.૧૯/૦૦ વાગ્યે તથા આરોપી નં.(૨)ને તા.૧૧/૧૧/૨૦૨૧ નાક.૧૯/૦૦ વાગ્યે અટક કરી ગુન્હાની કબુલાત કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૦૮/૧૧/૨૦૨૧ તી તા.૧૪/૧૧/૨૦૨૧ દરમ્યાન હાર્બર મરીન પોલીસ સ્ટેશનના “ She ” ટીમ ના કર્મચારીઓ દ્વારા જાવર વિસ્તારમાં આવેલ હીરાવતી કંપનીમા કામ કરતી મહીલાઓ ઘરે સુરક્ષીત પોહચાડવા બાબતે કંપનીના મેનેજર સાથે ચર્ચા કરેલ. તેમજ સીનીયર સીટીજનની મુલાકાત લેવામાં આવેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૦૮/૧૧/૨૦૨૧ થી તા.૧૪/૧૧/૨૦૨૧ સુધી કમલાબાગ પો.સ્ટે. ના અધિકારી/કર્મચારીઓ દ્વારા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન કોવીડ-૧૯ ના સંક્રમણને ધ્યાને લઈ ૮૦ માસ્કનું વિતરણ કરવામાં આવેલ. લોકોને કોવીડ-૧૯ બાબતે સરકારશ્રીએ બહાર પાડેલ ગાઈડ લાઈનનું પાલન કરવા અને કોવીડ-૧૯ બાબતે જરૂરી તકેદારી રાખવા સમજ કરેલ.

(૨) તા.૦૮/૧૧/૨૦૨૧ થી તા.૧૪/૧૧/૨૦૨૧ સુધી હાર્બર મરીન પો.સ્ટે. ના અધિકારી/કર્મચારીઓ દ્વારા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન કોવીડ-૧૯ ના સંક્રમણને ધ્યાને લઈ ૪૪ માસ્કનું વિતરણ કરવામાં આવેલ. લોકોને કોવીડ-૧૯ બાબતે સરકારશ્રીએ બહાર પાડેલ ગાઈડ લાઈનનું પાલન કરવા અને કોવીડ-૧૯ બાબતે જરૂરી તકેદારી રાખવા સમજ કરેલ.

(૩) તા.૦૮/૧૧/૨૦૨૧ ના રોજ કીર્તિમંદિર ગાંધીજીનાં જન્મસ્થળ પર ફરવા આવેલા અભીલાસાબેન જોષી તેનું મોટુ પર્સ ભુલી ગયેલ. તેમાં અંદર નાનું વોલેટ જેમાં લાઇસન્સ, આધારકાર્ડ, પાનકાર્ડ, ૫૦૦/- થી ૬૦૦/- રૂપીયા તથા સોનાની બુંટી પર્સમાં હતા અને તે પર્સ તેઓ ગાંધીજીનાં જન્મસ્થળ પર પગરખા સ્ટેન્ડ પાસે ભુલી ગયેલ. ત્યા ફરજ ઉપર કીર્તિમંદિર પો.સ્ટેના હોમગાર્ડ એસ.આર.રાણાવાયા તથા ટી.આર.બી.પ્રકાશ ભોજાભાઇ ખરા તેઓને આ પર્સ મળેલ. તેઓ પર્સ લઈને કીર્તિમંદિર પો.સ્ટે આવેલ અને PSO WHC એમ.કે.મોકરીયાને જાણ કરેલ તથા પો.ઇન્સ.શ્રી શ્રી પી.જી.તિવારી સાહેબને જાણ કરેલ. ત્યારબાદ તે પર્સમાંથી એક કાર્ડ મળેલ તે કાર્ડ આશાબેનનું હોય તેનો મોબાઇલ નંબર ઉપર સંપર્ક કરી ઓળખાણ કરી અને અભીલાષાબેનનો સંપર્ક કરેલ અને તેઓને આ પર્સ પો.ઇન્સ.શ્રીની રૂબરૂમાં પરત કરેલ છે.

(૪) તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ કીર્તિમંદિર ગાંધીજીનાં જન્મસ્થળ પર ફરવા આવેલા અંજલીબેન ગડાખા રહે. રાધીકા સોસાયટી B-501 સીંહનગઢ રોડ, પુણે નાઓ પોતાનો સેમસંગ S-50 મોબાઇલ ભુલી ગયેલ. ત્યા ફરજ ઉપર કીર્તિમંદિર પો.સ્ટેના વુમન લોકરક્ષક નીતાબેન સાર્દુલભાઇ તથા હોમગાર્ડ જી.એસ.તૈરેયા નાઓને આ મોબાઇલ મળેલ. તેઓ મોબાઇલને લઈને કીર્તિમંદિર પો.સ્ટે આવેલ અને PSO WHC એમ.કે.મોકરીયાને જાણ કરેલ તથા પો.ઇન્સ.શ્રી પી.જી.તિવારી સાહેબને જાણ કરેલ. ત્યારબાદ તે મોબાઈલમાં અંજલીબેનની ઓળખીતા TAXI વાળા દેવરાજભાઈનો મોબાઇલ નંબરનો સંપર્ક થયેલ અને આ અંજલીબેન અહીંયા થી બીજી TAXIમાં પોરબંદર થી પુણે જવા નીકળી ગયેલ હોય અને TAXI વાળા દેવરાજભાઇ અવારનવાર ટુરીસ્ટને ફરવા લઈ જતા હોય. જેથી આ દેવરાજભાઈની સુદામાંચોકમાં ઓફીસ હોય તેઓને કીર્તિમંદિર પો.સ્ટે બોલાવી અંજલીબેનનો સંપર્ક કરી તેઓએ કહેલ કે મોબાઇલ TAXI વાળા દેવરાજભાઈને સોપી દયો. દેવરાજભાઇ અમોને મોબાઈલનો સંપર્ક કરી અમારા તરફ પહોચાંડી આપશે તેવું જણાવેલ. દેવરાજભાઇને આ મોબાઈલ પો.ઈનસ.શ્રીની રૂબરૂમાં પરત કરેલ છે. બાદમાં અંજલીબેનને ફોન કરી મોબાઇલ મળી ગયેલનું પુછતાં અંજલીબેનએ જણાવેલ કે અમોને મોબાઈલ પરત મળી ગયેલ છે.

જે આપશ્રીને વિદિત થાય.

(ભરત પટેલ)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર